પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૭ | ૨૭ ડિસેમ્બર, ૨૦૧૭, બુધવાર ; પોષ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાજપની ‘વિજય’ સરકારના શપથ

**રાજ્યમાં ભાજપ સરકાર સતત છઠ્ઠી વખત સત્તારૂઢ : મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૨૦ મંત્રીઓએ શપથ લીધા : નીતિન પટેલ, ફળદુ, ચુડાસમા, કૌશિક પટેલ, સૌરભ પટેલ, ગણપત વસાવા, દિલીપ ઠાકોર, ઇશ્વરભાઇ પરમારના ગુજરાતના કેબિનેટ મંત્રી તરીકે શપથ**



ગાંધીનગર,તા. ૨૬

ગુજરાતમાં રૂપાણી રાજની આજે શરૂઆત થઈ હતી. અભૂતપૂર્વ ઉત્સાહ અને મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં મુખ્યપ્રધાન તરીકે આજે વિજય રૂપાણીએ શપથ લીધા હતા. આની સાથે જ રૂપાણી બીજી વખત મુખ્યપ્રધાન બન્યા છે. ગાંધીનગરના સચિવાલય ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ભવ્ય શપથવિધી કાર્યક્રમમાં રાજ્યપાલ ઓપી કોહલીએ તમામને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. સવારે ૧૧.૩૦ વાગે શપથવિધિ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. વિજય રૂપાણી બાદ નીતિન પટેલ, આરસી ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૌશિક પટેલ, સૌરભ પટેલ, ગણપત વસાવા, જયેશભાઈ રાદડિયાએ પણ મંત્રીપદના શપથ લીધા હતા. દિલીપ ઠાકોર, ઈશ્વરભાઈ પટેલે પણ શપથ લીધા હતા. કેબિનેટ મંત્રી તરીકે સભ્યોએ પહેલા શપથ લીધા હતા. જે સભ્યોએ કેબિનેટ પ્રધાન તરીકે શપથ લીધા હતા તેમાં નીતિન પટેલ, આરસી ફળદુ, કૌશિક પટેલ, સૌરભ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપત વસાવા, જયેશ રાદડિયા, દિલિપ ઠાકોર અને ઈશ્વર પરમારનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્ય પ્રધાન તરીકે જે પ્રધાનોએ શપથ લીધા હતા તેમાં પ્રદીપ સિંહ જાડેજા, પરબત પટેલ, જયદ્રથસિંહ પરમાર, પરસોતમ સોલંકી, બચુભાઈ ખાબડ, ઈશ્વરસિંહ પટેલ, વસનભાઈ

● અનુસંધાન પાન-૭ પર

## બાબુભાઈ બોખીરિયા અધ્યક્ષ પદે નિમાવાની સંભાવના

ગાંધીનગર,તા. ૨૬

ભાજપની સરકારોમાં જેનો દબદબો રહ્યો છે તે પોરબંદરના બાબુભાઈ બોખીરિયાનું નામ આજના મંત્રી મંડળની યાદીમાં જોવા ન મળતા આશ્ચર્ય ફેલાયુ છે. તેઓ કોંગ્રેસના ધૂરંધર અર્જુન મોઢવાડિયાને હરાવીને ચૂંટાયા છે. ગઈ સરકારમાં પાણી પુરવઠા મંત્રી હતા. આ વખતે તેમને મંત્રી મંડળમાં સ્થાન મળ્યુ નથી. બાબુભાઈની બાદબાકી બાબતે અલગ અલગ ચર્ચા થઈ રહી છે. તેમને મંત્રી પદેથી વંચીત રખાતા હવે વિધાનસભાનુ અધ્યક્ષ પદ કે ઉપાધ્યક્ષ પદ મળે તેવી સંભાવના વ્યકત થઈ રહી છે.

## બ્રહ્મસમાજમાંથી એક જ મંત્રી

**પાટીદાર સમાજના ૬ અને ઓબીસીના ૫ પ્રતિનિધિઓ**

ગાંધીનગર,તા. ૨૬

આ મંત્રી મંડળની સૌથી ધ્યાન ખેંચનારી બાબત તો એ છે, મહિલાઓને ૩૩ ટકા અનામતની વાત કરતી સરકારે માત્ર એક જ મહિલાને મંત્રી બનાવ્યા છે. રૂપાણી સરકારમાં ભાવનગર (પૂર્વ)થી ચૂંટાયેલા વિભાવરીબેન એક માત્ર મહિલા મંત્રી છે. તેઓ સમગ્ર મંત્રી મંડળમાં બ્રાહ્મણ સમાજનું પ્રતિનિધિત્વ કરતા એક માત્ર પ્રતિનિધિ છે.

રૂપાણી કેબિનેટમાં ૬ પાટીદાર, ૫ ઓબીસી, ૩ આદિવાસી, ૩ ક્ષત્રિય અને ૧ અનુસૂચિત જાતિ અને ૧ બ્રાહ્મણનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર આંદોલનને પગલે પાટીદાર સમાજને નવી કેબિનેટમાં દબદબો વર્તાય છે. નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, આર.સી. ફળદુ, કૌશિકભાઈ પટેલ, સૌરભભાઈ પટેલ, જયેશ રાદડીયા અને કિશોરકુમાર કાનાણી પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ કરે છે.

## નવી કેબિનેટમાં કોણ કોણ

**કૌશિક પટેલ, આર.સી. ફળદુ અને સૌરભ પટેલની કેબિનેટ મંત્રી તરીકે વરણી**

**કેબિનેટ મંત્રીઓ**

| | |
|---|---|
| વિજય રૂપાણી | રાજકોટ પશ્ચિમ (મુખ્યમંત્રી) |
| નીતિન પટેલ | મહેસાણા |
| આરસી ફળદુ | જામનગર |
| જયેશ રાદડિયા | જેતપુર |
| ભુપેન્દ્ર ચુડાસમા | ધોળકા |
| કૌશિક પટેલ | નારણપુરા |
| સૌરભ પટેલ | બોટાદ |
| ગણપત વસાવા | માંગરોળ |
| દિલીપ ઠાકોર | ચાણસ્મા |
| ઈશ્વરભાઈ પરમાર | બારડોલી |

**રાજ્ય મંત્રીઓ**

| | |
|---|---|
| પ્રદિપસિંહ જાડેજા | વટવા |
| પરબત પટેલ | થરાદ |
| જયદ્રથસિંહ પરમાર | હાલોલ |
| રમનલાલ પાટકર | ઉંમરગામ |
| પુરુષોત્તમ સોલંકી | ભાવનગર |
| ઈશ્વરસિંહ પટેલ | અંકલેશ્વર-ભરુચ |
| વસન આહિર | કચ્છ |
| કિશોર કાનાની | વરાછા રોડ |
| બચુભાઈ ખાબડ | દેવગઢબારિયા |
| વિભાવરી દવે | ભાવનગર |

# પાકિસ્તાન છાવણીમાં સર્જીકલ સ્ટ્રાઈક પાર્ટ-૨

**એલઓસીને પાર ભારતીય સૈનિકોની કાર્યવાહી : ભારતીય જવાનોની કાર્યવાહીમાં ત્રણ પાકિસ્તાની સૈનિકો મોતને ઘાટ : અન્ય અનેક પાકિસ્તાની સૈનિકો ઘાયલ : પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં રાવલકોટમાં સફળ કાર્યવાહી : તમામ ભારતીય જવાન સલામત પરત ફર્યા**

નવીદિલ્હી, તા. ૨૬

ભારતીય સેનાએ ફરી એકવાર એલઓસી પાર કરીને આક્રમક કાર્યવાહી કરી છે. આ કાર્યવાહીમાં ત્રણ પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. મોટી માત્રામાં પાકિસ્તાનને નુકસાન પણ પહોંચાડવામાં આવ્યું છે જ્યારે ભારતીય જવાનો એલઓસી પાર કરીને સફળ ઓપરેશન પાર પાડીને ફરીવાર સુરક્ષિત પરત ફર્યા છે. કેટલાક જાણકાર લોકો આને સર્જિકલ સ્ટ્રાઈક-૨ તરીકે પણ ગણી રહ્યા છે. ભારતીય જવાનોએ હાલમાં જ પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા હુમલાનો બદલો પણ લઈ લીધો છે. ભારતીય સેનાએ પાકિસ્તાનની સામે મોટી કાર્યવાહી કરીને તેના ત્રણ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા છે. ભારતીય સૈનિકોએ એલઓસી પાર કરી હતી અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના રાવલકોટમાં ઓપરેશનને અંજામ આપ્યું હતું. એમ કહેવામાં આવી રહ્યું છે કે, શનિવારના દિવસે પાકિસ્તાનમાં હુમલામાં શહીદ થયેલા ભારતના ચાર જવાનોનો બદલો ભારતીય સેનાએ લઈ લીધો છે. પોકના રાવલકોટમાં કાર્યવાહીને અંજામ આપ્યા બાદ ભારતીય સૈનિકો સુરક્ષિત પરત ફર્યા હતા. સોમવારના દિવસે મોડી રાત્રે ભારતીય સેનાએ આ કાર્યવાહી કરી

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં જૈશનો ટોપ કમાન્ડર ઠાર

**ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ જારી : ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો જપ્ત કરાયો : ૨૦૦થી વધુ ત્રાસવાદીઓ ઠાર થઇ ચુક્યા છે**

ગાંધીનગર, તા. ૨૬

જમ્મુ કાશ્મીરના પુલવામા જિલ્લામાં સુરક્ષા દળોએ આજે સવારે ત્રાસવાદીઓ સામે એક મોટુ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ ઓપરેશનને અંજામ આપીને ત્રાસવાદીઓમાં ખળભળાટ મચાવી દેવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ જૈશના ટોપ કમાન્ડરને ઠાર મારી દીધો હતો. દક્ષિણ કાશ્મીરના અવંતિપોરામાં ત્રાસવાદીઓ છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ કાર્યવાહી હાથ ધરાઈ હતી. સર્ચ ઓપરેશન દરમિયાન છુપાયેલા ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરાતા જૈશે મોહમ્મદના ટોપ કમાન્ડરને ઠાર મારી દેવામાં આવ્યો હતો. સેનાની મિલિટ્રી ઈન્ટેલીજન્સને સવારે પુલવામા જિલ્લાના સંબુરા ગામમાં ત્રાસવાદીઓ છુપાયેલા હોવાની વિગતો મળી હતી. આ સૂચના બાદ સેનાના જવાનોએ સમગ્ર વિસ્તારમાં એસઓજી અને સીઆરપીએફની સાથે મળીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.

● અનુસંધાન પાન-૭ પર

## મુલાકાત વેળાએ જાધવના પત્નિની બંગડી, મંગળસુત્ર ઉતારી લેવાયા

**ભારતીય સંસ્કૃતિ, ભાવનાઓનું ધ્યાન ન રખાયું : પાકિસ્તાનમાં કુલભૂષણની માતા અને પત્નિ સાથે અયોગ્ય વર્તન કરાયું : સુષ્મા સ્વરાજની સાથે પરિવારની વાતચીત**

નવીદિલ્હી, તા. ૨૬

કુલભૂષણ જાધવના પત્નિ અને માતાની પાકિસ્તાનમાં સોમવારના દિવસે કુલભૂષણ જાધવ સાથે મુલાકાત દરમિયાન ખરાબ વર્તન કરવામાં આવ્યું હોવાની વિગત સપાટી ઉપર આવી છે. બંનેની પાકિસ્તાનમાં જાધવ સાથે મુલાકાત બાદ વિદેશ મંત્રાલય તરફથી નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, પાકિસ્તાને મુલાકાત દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક ભાવનાઓનું ધ્યાન રાખ્યું ન હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવિશ કુમારે કહ્યું છે કે, મુલાકાત પહેલા કુલભૂષણ જાધવના પત્નિ અને માતાની બંગળીઓ અને મંગળસૂત્ર ઉતારી લેવામાં આવ્યા હતા. તેમના વસ્ત્રો બદલી દેવામાં આવ્યા હતા. તેમના પગરખા પરત આપવામાં આવ્યા નથી. મુલાકાત દરમિયાન ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક ભાવનાઓનું ધ્યાન પાકિસ્તાને રાખ્યું ન હતું. આ પહેલા પાકિસ્તાની જેલમાં રહેતા કુલભૂષણ જાધવના પરિવારના સભ્યોએ દિલ્હીમાં વિદેશ મંત્રાલયમાં પહોંચીને વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ સાથે વાત કરી હતી.




